# 'કથારત્નકોશ' અને તેના કર્તા શ્રી દેવભદ્રસૂરિ*

આજે આચાર્ય **શ્રી દેવભદ્રસૂરિ**વિરચિત રત્નકોશના યથાર્થ નામને શોભાવતો એવો **કથારત્નકોશ** નામનો અતિદુર્લભ ગ્રંથ પ્રકાશિત કરી જૈનકથાસાહિત્યરસિક વિદ્વાનોના કરકમળમાં ઉપહારરૂપે અર્પણ કરવામાં આવે છે; જેની સાદ્યંત પરિપૂર્ણ માત્ર એક જ તાડપત્ર ઉપર લખાયેલી પ્રાચીન પ્રતિ, ખંભાતના '**શ્રીશાંતિનાથ જૈન જ્ઞાનભંડાર**'ને નામે ઓળખાતા અતિ પ્રાચીન ગૌરવશાળી તાડપત્રીય જ્ઞાનભંડારમાં જળવાયેલી છે. તેને અંગે નીચેના મુદ્દાઓ ઉપર વિચાર કરવામાં આવે છે: ૧. ભારતીય કથાસાહિત્યની વિપુલતા. ૨. જૈન પ્રવચનમાં ધર્મકથાનુયોગનું સ્થાન. ૩. કથાના પ્રકારો અને કથાવસ્તુ. ૪ કથારત્નકોશગ્રંથનો પરિચય. ૫. તેના પ્રણેતા. ૬. અન્ય જૈન કથાગ્રંથાદિમાં કથારત્નકોશનું અનુકરણ અને અવતરણ. ૭. સંશોધન માટે એકત્ર કરેલી પ્રાચીન પ્રતિઓનો પરિચય તથા સંશોધન વિશેની માહિતી.

**૧. ભારતીય કથાસાહિત્યની વિપુલતા**—આજની પ્રત્યક્ષ દુનિયામાં જે માનવપ્રજા વસે છે તેમાં ભણેલાગણેલા કુશાગ્રમતિવાળા લોકો બે–ત્રણ ટકા જેટલા જ છે, જ્યારે બાકીનો ૯૭ ટકા જેટલો ભાગ અક્ષરજ્ઞાન વિનાનો છતાં સ્વયંસ્ફુરિત સંવેદનવાળો છે. આમાં કેવળ અક્ષરપરિચય ધરાવનારા અને અક્ષરપરિચય વિનાના છતાં પોતાની હૈયાઉકલતથી વ્યવહાર અને પરમાર્થનો તોડ કાઢનારા લોકોનો સમાવેશ છે. આ ૯૭ ટકા જેટલી અત્યધિક સંખ્યા ધરાવનારા લોકો વિજ્ઞાન, તત્ત્વજ્ઞાન, ગણિતવિદ્યા, ભૂગોળ કે ખગોળવિદ્યામાં ઊંડા ઊતરવા જરાય રાજી નથી તેમ તૈયાર પણ નથી. તેમને તો ઘણી સરળ રીતે સમજ પડે અને એ સમજ દ્વારા જીવનનો રસ માણી શકાય અને વ્યવહાર તેમ જ પરમાર્થને સમજી માનવજીવનની કૃતકૃત્યતા અનુભવાય એવા સાહિત્યની અપેક્ષા છે. એટલે એ વસ્તુને આપણા પૂર્વ મહર્ષિઓએ વિપુલ પ્રમાણમાં કથા, ઉપકથા, આખ્યાનો, આખ્યાયિકાઓ, ઐતિહાસિક ચરિત્રો આદિ સર્જીને પૂરી રીતે સંતોષી પણ છે. આ રીતે જોતાં કથાસાહિત્યનો સંબંધ મુખ્યતયા આમજનતા સાથે છે અને આમજનતા વિપુલ હોવાથી તેની સાથે સંબંધ ધરાવતું કથાસાહિત્ય પણ વિપુલ, વિવિધ અને આમજનતાની ખાસિયતોને લક્ષમાં રાખી સુગમ અને સુબોધ ભાષામાં સર્જાયેલું છે. આ પ્રકારનું કથાસાહિત્ય જેમ જૈન સંપ્રદાયમાં વિપુલ છે એ જ રીતે

---

* શ્રી દેવભદ્રસૂરિકૃત 'કથારત્નકોશ'ના સંપાદનની (પ્રકાશક: શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર, સં. ૨૦૦૦) પ્રસ્તાવના.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વૈદિક અને બૌદ્ધ સંપ્રદાયમાં પણ અતિ વિપુલ પ્રમાણમાં છે એટલું જ નહિ, પણ ભારતવર્ષની જેમ ભારતવર્ષની બહાર પણ આ જાતનું કથાસાહિત્ય એટલા જ પ્રમાણમાં ઉપલબ્ધ થાય છે. જ્ઞાનની દૃષ્ટિએ વિજ્ઞાન, તત્ત્વજ્ઞાન, ભૂગોળ, ખગોળ, ગણિત, આયુર્વેદ, અધ્યાત્મશાસ્ત્ર, યોગવિદ્યા, પ્રમાણશાસ્ત્ર વગેરે વિદ્યાઓનું મહત્ત્વ જરાય ઓછું નથી, પરંતુ તે બધી ગહન વિદ્યાઓને સર્વગમ્ય કરવાનું સાધન માત્ર એક કથાસાહિત્ય છે; માટે જ ભારતવર્ષના તેમ જ ભારતની બહારના પ્રાચીન-અર્વાચીન કુશાગ્રમતિ વિદ્વાનો પણ કથાસર્જનની પ્રવૃત્તિમાં પડ્યા છે અને એ દ્વારા એમણે આમજનતાને ત્યાગ, તપ, વૈરાગ્ય, ધીરજ, ક્ષમા, નિઃસ્પૃહતા, પ્રાણિસેવા, સત્ય, નિર્લોભતા, સરળતા આદિ ગુણોની સિદ્ધિ માટે વિવિધ પ્રેરણાઓ આપી છે. આમજનતાને કેળવવાનું કામ સહજ સાધ્ય નથી, તેમ છતાં ત્યાગ, સદાચાર, સરળતા, સમયજ્ઞતા આદિ સદ્ગુણોથી વિભૂષિત મહાપુરુષો આમજનતાને ઉપદેશ દ્વારા કેળવી શકે છે, સાહિત્યસર્જન દ્વારા દોરી શકે છે અને અનેક ગૂંચો ઉકેલી તેની સાધનાના માર્ગને સરળ બનાવી આપે છે. આ દૃષ્ટિએ પણ કથાસાહિત્યનું મૂલ્ય અનેકગણું વધી જાય છે.

**૨. જૈન પ્રવચનમાં કથાનુયોગનું સ્થાન**—જેમ મહાભારત અને રામાયણના પ્રણેતા વૈદિક મહર્ષિઓએ આમજનતાના પ્રતિનિધિ બની એ ગ્રંથોની રચના કરી હતી, એ જ પ્રમાણે જૈન પરંપરાએ પણ આમજનતાની વિશેષ ખેવના કરવામાં જ પોતાનું ગૌરવ માન્યું છે. એક કાળે જ્યારે વૈદિક પરંપરા આમજનતાની મટી રાજાઓની આશ્રિત થઈ આમજનતાનું પ્રતિનિધિપણું ગુમાવી બેઠી એટલું જ નહિ, પણ એ આમજનતાની સ્વાભાવિક ભાષા તરફ પણ સુગાળવી થઈ ગઈ, બરાબર એ જ વખતે જૈન પરંપરામાં અનુક્રમે થયેલ મહામાન્ય તીર્થંકર ભગવાન શ્રી પાર્શ્વનાથ અને શ્રમણ ભગવાન શ્રી વીર-વર્ધમાનસ્વામીએ આમજનતાનું પ્રતિનિધિપણું કર્યું અને તેની સ્વાભાવિક ભાષાને અપનાવી તે દ્વારા જ પોતાનું ધર્મતીર્થ પ્રવર્તાવ્યું અને આમજનતા સુધી પહોંચે એવા સાહિત્ય-નિર્માણને પૂરેપૂરો ટેકો આપ્યો, એટલું જ નહિ, પણ જૈન પ્રવચનના જે મુખ્ય ચાર વિભાગો બતાવ્યા છે તેમાં આમજનતાના અતિપ્રિય એ કથાસાહિત્યને ખાસ સ્થાન પણ આપ્યું છે. જૈન પ્રવચન ચરણ-કરણાનુયોગ, ધર્મકથાનુયોગ, ગણિતાનુયોગ અને દ્રવ્યાનુયોગ—એ ચાર વિભાગમાં વહેંચાયેલું છે. આમાં આમજનતાનું પ્રતિનિધિત્વ ધરાવનાર ધર્મકથાનુયોગ વિશિષ્ટ સ્થાન ભોગવે છે. સદાચરણોના મૂળ નિયમો અને તેમને આચરણમાં મૂકવાની વિવિધ પ્રક્રિયાઓના સાહિત્યનું નામ ચરણકરણાનુયોગ છે. એ સદાચરણો જેમણે જેમણે—સ્ત્રી કે પુરુષે—આચરી બતાવ્યાં હોય, એવાં આચરણોથી જે લાભો મેળવ્યા હોય અથવા એ આચરણો આચરતાં આવી પડતી મુસીબતોને વેઠી તેમને જે રીતે પાર કરી હોય, તેવાં સદાચારપરાયણ ધીર, વીર, ગંભીર સ્ત્રીપુરુષોનાં ઐતિહાસિક કે કથારૂપ જીવનોના સર્જનનું નામ ધર્મ-કથાનુયોગ છે. આ વિષે શાસ્ત્રકારો તો એમ પણ કહે છે કે, આવા પ્રકારના ધર્મકથાનુયોગ વિના ચરણકરણાનુયોગની સાધના કઠણ બની જાય છે અને જનતા તે તરફ વળતી કે આકર્ષાતી પણ નથી. આમ જૈન દૃષ્ટિએ 'એક અપેક્ષાએ ચારે અનુયોગોમાં ધર્મકથાનુયોગ પ્રાધાન્ય ધરાવે છે' એમ કહેવું લેશમાત્ર અનુચિત નથી. જેમાં ખગોળભૂગોળનાં વિવિધ ગણિતો આવે તે ગણિતાનુયોગ અને જેમાં આત્મા, પરમાત્મા, જીવાદિ તત્ત્વો, કર્મ, જગતનું સ્વરૂપ વગેરે કેવળ સૂક્ષ્મબુદ્ધિગ્રાહ્ય વિષયો વર્ણવવામાં આવ્યા હોય તે દ્રવ્યાનુયોગ. આ ચાર અનુયોગ પૈકી માત્ર એક ધર્મકથાનુયોગ જ એવો છે જે આમજનતા સુધી પહોંચી શકે છે અને તેથી જ બીજા અનુયોગો કરતાં કોઈ અપેક્ષાએ તેનું મહત્ત્વ સમજવાનું છે. જૈન પરંપરા અને વૈદિક પરંપરાની પેઠે બૌદ્ધ પરંપરાએ પણ કથાનુયોગને સ્થાન આપેલું છે એટલું જ નહિ, પણ સરખામણીમાં વૈદિક પરંપરા કરતાં બૌદ્ધ પરંપરા, જૈન પરંપરાની પેઠે, આમ-જનતાની સવિશેષ પ્રતિનિધિ રહેલી છે. જૈન પરંપરાના ચરણકરણાનુયોગ માટે બૌદ્ધ પરંપરામાં 'વિનય-



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પિટક' શબ્દ, ધર્મકથાનુયોગ માટે 'સુત્તપિટક' અને ગણિતાનુયોગ તથા દ્રવ્યાનુયોગ માટે 'અભિધમ્મ-પિટક' શબ્દ યોજાયો છે. 'પિટક' શબ્દ જૈન પરંપરાના 'દ્વાદશાંગીગણિપિટક' સાથે જોડાયેલા 'પિટક' શબ્દને મળતો 'પેટી' અર્થને બતાવતો જ શબ્દ છે. સુત્તપિટકમાં અનેકાનેક કથાઓનો સમાવેશ છે. **દીઘનિકાય, મજ્ઝિમનિકાય, સુત્તનિપાત** વગેરે અનેકાનેક ગ્રંથોનો 'સુત્તપિટક' માં સમાવેશ થાય છે. જૈન પરંપરાનો ધર્મકથાનુયોગ, બૌદ્ધ પરંપરાનો સુત્તપિટક અને વૈદિક પરંપરાનો ઇતિહાસ એ ત્રણે શબ્દો લગભગ એકાર્થક શબ્દો છે. ધર્મકથાનુયોગ, પથ્ય ભોજન-પાન જેવો છે. જેમ પથ્ય અન્ન-પાન માનવશરીરને દૃઢ, નીરોગી, પુરુષાર્થી, દીર્ઘજીવી અને માનવતાપરાયણ બનાવે છે, તેમ ધર્મકથાનુયોગ પણ માનવના મનને પ્રેરણા આપી બલિષ્ઠ, સ્વસ્થ, નિગ્રહી, સદાચારી અને સદાચારપ્રચારી બનાવે છે અને અજરામર પરિસ્થિતિ સુધી પહોંચાડે છે. બોલતાં-ચાલતાં, ઉપદેશક કરતાં ધર્મકથાનુયોગ માનવના ઉપર એવી સારી અસર ઉપજાવે છે જે ધીરે ધીરે પણ પાકી થયેલી અને જીવનમાં ઊતરેલી હોય છે. સંક્ષેપમાં એમ કહી શકાય કે ધર્મકથાનુયોગ માનવને ખરા અર્થમાં માનવરૂપે ઘડી શકે છે અને આધ્યાત્મિક દૃષ્ટિએ પૂર્ણ સ્વતંત્રતા સુધી પહોંચાડે છે.

**૩. કથાના પ્રકારો અને કથાવસ્તુ**—આચાર્ય શ્રી હરિભદ્રસૂરિવરે સમરાઇચ્ચકહામાં કથાઓના વિભાગ કરતાં અર્થકથા, કામકથા, ધર્મકથા અને સંકીર્ણકથા એમ ચાર વિભાગ બતાવ્યા છે. જે કથામાં ઉપાદાનરૂપે અર્થ હોય, વણજવેપાર, લડાઈઓ, ખેતી, લેખ-લખત વગેરેની પદ્ધતિઓ, કળાઓ, શિલ્પો, સુવર્ણસિદ્ધિ વગેરે ધાતુવાદો, તથા અર્થોપાર્જનના નિમિત્તરૂપ સામ, દંડ આદિ નીતિઓનું વર્ણન હોય તેનું નામ અર્થકથા. જેમાં ઉપાદાનરૂપે કામ હોય અને પ્રસંગે પ્રસંગે દૂતીના અભિસારો, સ્ત્રીઓનાં રમણો, અનંગલેખો, લલિતકળાઓ, અનુરાગપુલકિતો નિરૂપેલાં હોય તે કામકથા. જેમાં ઉપાદાનરૂપે ધર્મ હોય અને ક્ષમા, માર્દવ, આર્જવ, અલોભ, તપ, સંયમ, સત્ય, શૌચ વગેરેને લગતાં માનવસમાજને ધારણ-પોષણ આપનારાં અને તેનું સત્ત્વસંરક્ષણ કરનારાં વર્ણનો હોય તે ધર્મ-કથા. અને જેમાં ધર્મ, અર્થ અને કામ એ ત્રણે વર્ગોનું યથાસ્થાન નિરૂપણ હોય અને એ ત્રણે વર્ગોને સમજાવવા તેમ જ પરસ્પર અબાધક રીતે વ્યવહારમાં લાવવા યુક્તિઓ, તર્કો, હેતુઓ અને ઉદાહરણો વગેરે આપેલાં હોય તે ધર્મકથા. કથાઓના આ ચાર પ્રકાર પૈકી કેવળ એક ધર્મકથા જ ધર્મકથા-નુયોગમાં આવે છે. મૂળ જૈન આગમોમાં પણ જ્ઞાતાધર્મકથાંગ, ઉપાસકદશાંગ, અંતકૃદ્દશાંગ, અનુત્તરો-પપાતિકદશાંગ, વિપાક વગેરે અનેક આગમો પણ ધર્મકથાને પ્રધાનપણે વર્ણવે છે. જ્ઞાતાધર્મકથાંગનું જે પ્રાચીન કથાસંખ્યાપ્રમાણ કહેવામાં આવ્યું છે તેમાં તે આગમમાં સાડાત્રણ કરોડ કથાઓ અને તેટલી જ ઉપકથાઓ વગેરે હોવાનું કહેલું છે. એ જોતાં જૈન પરંપરામાં ધર્મકથાનું સાહિત્ય કેટલું વિપુલ હતું એ સહજમાં જ કલ્પી શકાય તેમ છે. ધર્મકથાઓમાં પણ યુદ્ધ, ખેતી, વણજ, કળાઓ, શિલ્પો, લલિતકળાઓ, ધાતુવાદો વગેરેનું વર્ણન આવે છે; પરંતુ ધર્મ પ્રધાન સ્થાને હોય અને બાકી બધું આનુષંગિક રીતે ધર્મનું પોષક હોય. એ જ રીતે અર્થકથા અને કામકથામાં પણ ધર્મનું વર્ણન ન જ આવે એમ નહિ, પણ અર્થ અને કામ એમાં પ્રધાન હોય; એ જ દૃષ્ટિએ તે તે કથાને તેવાં તેવાં નામો અપાયેલાં છે. પ્રસ્તુત કથારત્નકોશ ધર્મકથાઓનો મહાન ગ્રંથ છે. તેમાં ઉપર કહ્યા પ્રમાણે અર્થકથા અને કામકથાનું પ્રાસંગિક નિરૂપણ હોવા છતાં, ધર્મ પ્રધાન સ્થાને હોઈ તેને ધર્મ-કથાનો ગ્રંથ ગણવામાં કશોય બાધ નથી. આવી કથાઓમાં કથાઓનું વસ્તુ દિવ્ય હોય છે, માનવ્ય હોય છે અને દિવ્યમાનવ્ય પણ હોય છે. કથારત્નકોશની ધર્મકથાઓનું વસ્તુ પ્રધાનપણે માનવ્ય છે અને ક્વચિત્ દિવ્યમાનવ્ય પણ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૪. **કથારત્નકોશગ્રંથનો પરિચય**—પ્રસ્તુત ગ્રંથ પ્રાકૃત ભાષામાં ગદ્ય-પદ્યરૂપે અતિપ્રાસાદિક સાલંકાર રચનાથી રચાયેલો અને અનુમાન સાડાઅગિયાર હજાર શ્લોકપ્રમાણ છે. બહુ નાની નહિ, બહુ મોટી પણ નહિ, છતાં સંક્ષિપ્ત કહી શકાય તેવી મૌલિક પચાસ કથાઓના સંગ્રહરૂપ આ કૃતિ છે. પ્રસ્તુત ગ્રંથ મુખ્યત્વે પ્રાકૃત ભાષામાં રચાયેલો હોવા છતાં તેમાં પ્રસંગોપાત્ત સંસ્કૃત અને અપભ્રંશ ભાષાનો ઉપયોગ પણ ગ્રંથકારે કરેલો છે; ખાસ કરી દરેક કથાના ઉપસંહારમાં ઉપદેશ તરીકે જે ચાર શ્લોકો અને પુષ્પિકા આપવામાં આવ્યાં છે એ તો સંસ્કૃત ભાષામાં જ છે. આ ગ્રંથમાં સમ્યક્ત્વ આદિ તેત્રીસ સામાન્ય ગુણો અને પાંચ અણુવ્રત આદિ સત્તર વિશેષ ગુણોને લગતી કથાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. ધર્મકથાઓના ગ્રન્થોમાં શૃંગાર આદિ રસોની વિપુલતાને લીધે ધર્મકથાનું ધર્મકથા-પણું ગૌણ થવાનો દોષ જેમ કેટલીક ધર્મકથાઓની રચનામાં આવી જાય છે તેમ આ ગ્રંથમાં ગ્રંથકારે જરા પણ થવા દીધું નથી, એટલું જ નહિ, પણ પ્રસ્તુત ધર્મકથાગ્રંથમાં શૃંગાર આદિ જેવા રસોનો લગભગ અભાવ છતાં આ ધર્મકથાગ્રંથ શૃંગાર રહિત બની ન જાય અથવા એમાંની ધર્મકથાના વાચન કે શ્રવણમાં વક્તા કે શ્રોતાની રસવૃત્તિ લેશ પણ નીરસ અથવા રુક્ષ ન બની જાય એ વિષેની દરેક ચોકસાઈ ગ્રંથકારે રાખી છે. પ્રસ્તુત ગ્રંથમાં ગ્રંથકાર જે જે ગુણ વિષે કથા કહેવી શરૂ કરે છે તેના પ્રારંભમાં, કથાના વર્ણનમાં અને એના ઉપસંહારમાં, તે તે ગુણનું સ્વરૂપ, તેનું વિવેચન અને તેને લગતા ગુણ-દોષો લાભ-હાનિનું નિરૂપણ તેમણે અતિ સરસ પદ્ધતિએ કર્યું છે.

ઉપર જણાવવામાં આવ્યું તેમ આ ગ્રંથમાં તેત્રીસ સામાન્ય ગુણ અને સત્તર વિશેષ ગુણ મળી જે પચાસ ગુણોનું વર્ણન કરવામાં આવ્યું છે, તે ઉપરાંત પ્રસંગોપાત્ત બીજા અનેક મહત્ત્વના વિષયો વર્ણવવામાં તેમ જ ચર્ચવામાં આવ્યા છે; જેવા કે—ઉપવનવર્ણન, ઋતુવર્ણન, રાત્રિવર્ણન, યુદ્ધવર્ણન, શ્મશાનવર્ણન આદિ વર્ણનો; રાજકુલના પરિચયથી થતા લાભો, સત્પુરુષનો માર્ગ, આપઘાતમાં દોષ, દેશદર્શન, પુરુષના પ્રકારો, નહિ કરવા લાયક–કરવા લાયક–છોડવા લાયક–ધારણ કરવા લાયક–વિશ્વાસ નહિ કરવા લાયક આઠ આઠ બાબતો, અતિથિસત્કાર આદિ નૈતિક વિષયો; છીંકનો વિચાર, રાજલક્ષણો, સામુદ્રિક, મૃત્યુજ્ઞાનનાં ચિહ્નો, અકાલદંતોદ્ગમકલ્પ, રત્નપરીક્ષા આદિ લોકમાનસને આકર્ષનાર સ્થૂલ વિષયો; દેવગુરુધર્મતત્ત્વનું સ્વરૂપ, ગુરુતત્ત્વવ્યવસ્થાપનવાદસ્થલ, અષ્ટ પ્રાતિહાર્યનું સ્વરૂપ, વેદાપૌરુષેયત્વવાદસ્થલ, ધર્મતત્ત્વપરામર્શ, રત્નત્રયી, જિનપ્રતિમાકારધારી મત્સ્ય અને કમળો, જિનપૂજાનું વિસ્તૃત સ્વરૂપ, સામાન્ય ધર્મોપદેશ, મૂર્તિપૂજાવિષયક ચર્ચાસ્થલ, હસ્તિતાપસ તથા શૌચવાદમતનું નિરસન, અનંતકાય-કંદમૂળના ભક્ષણનું સદોષપણું આદિ ગંભીર ધાર્મિક વિચારો; ઉપધાનવિધિ, ધ્વજારોપણવિધિ, મૂર્તિ-પ્રતિષ્ઠાવિધિ આદિ વિધાનો અને તે ઉપરાંત અનેક કથાઓ, તથા સુભાષિતાદિ વિવિધ વિષયો આલેખ-વામાં આવેલા છે. આ બધી વસ્તુ પ્રસ્તુત ગ્રંથની વિષયાનુક્રમણિકા જોવાથી ધ્યાનમાં આવી શકશે. આ ઉપરથી પ્રસ્તુત ગ્રંથકાર કેટલા સમર્થ અને બહુશ્રુત આચાર્ય હતા અને તેમની કૃતિ કેટલી પાંડિત્યપૂર્ણ અને અર્થગંભીર છે એ પણ સમજી શકાશે.

પ્રસ્તુત કથારત્નકોશની ખાસ વિશેષતા એ છે કે, બીજા કથાકોશગ્રંથોમાં એકની એક પ્રચલિત કથાઓ સંગ્રહાયેલી હોય છે, ત્યારે આ કથાસંગ્રહમાં એમ નથી; પણ, કોઈ કોઈ આપવાદિક કથાને બાદ કરીએ તો, લગભગ બધી જ કથાઓ અપૂર્વ જ છે, જે બીજે સ્થળે ભાગ્યે જ જોવામાં આવે. આ બધી ધર્મકથાઓને નાનાં બાળકોની બાળભાષામાં ઉતારવામાં આવે તો એક સારી જેવી બાળકથાની શ્રેણિ તૈયાર થઈ શકે તેમ છે. ગ્રંથકારે વર્ણનશૈલી એવી રાખી છે કે એ રીતે કથાશ્રેણી તૈયાર કરવા ઇચ્છનારને ઘણું શોધવાનું નથી રહેતું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**५. કથારત્નકોશના પ્રણેતા આચાર્ય શ્રી દેવભદ્રસૂરિ**—પ્રસ્તુત ગ્રંથના પ્રણેતા આચાર્ય શ્રી દેવભદ્રસૂરિ છે. તેઓશ્રી વિક્રમની બારમી શતાબ્દીના માન્ય આચાર્ય છે. ખરતરગચ્છીય પટ્ટાવલિમાં તેમના વિષે માત્ર એટલો જ ઉલ્લેખ મળે છે કે, "તેમણે વિ. સં. ૧૧૬૭માં શ્રીમાન જિનવલ્લભગણિને અને વિ. સં. ૧૧૬૯માં વાચનાચાર્ય શ્રી જયદેવસૂરિશિષ્ય શ્રી જિનદત્તને આચાર્યપદારૂઢ કર્યા હતા." આથી વિશેષ એમના વિષે બીજો કશો જ ઉલ્લેખ એ પટ્ટાવલીઓમાં દેખાતો નથી. એટલે આચાર્ય શ્રી દેવભદ્રસૂરિ વિષેની ખાસ હકીકત આપણે એમની પોતાની કૃતિઓ આદિ ઉપરથી જ તારવવાની રહે છે.

આચાર્ય શ્રી દેવભદ્રસૂરિના વિષયમાં તેમની જન્મભૂમિ, જન્મસંવત, જ્ઞાતિ, માતા-પિતા, દીક્ષાસંવત, આચાર્યપદસંવત આદિને લગતી કશીયે નોંધ હજુ સુધી ક્યાંય જોવામાં આવી નથી. તેમ છતાં તેમણે પોતે રચેલા મહાવીરચરિત્ર (જે વિ. સં. ૧૧૩૯માં આચાર્યપદારૂઢ થવા પહેલાં ગુણચંદ્રનામાવસ્થામાં રચ્યું છે), કથારત્નકોશ (જે વિ. સં. ૧૧૫૮માં રચાયેલો છે) અને પાર્શ્વનાથચરિત્ર (જે. વિ. સં. ૧૧૬૮માં રચેલું છે) ની પ્રશસ્તિઓમાંથી તેમના વિષેની કેટલીક મહત્ત્વની માહિતી આપણને મળી રહે છે; એટલે સૌપહેલાં આપણે ઉપરોક્ત ત્રણેય ગ્રન્થોની પ્રશસ્તિઓના ઉપયોગી અંશને જોઈ લઈએ—

" अइसयगुणरयणनिही मिच्छत्ततमंधलोयदिणनाहो ।
दूरुच्छारियवइरो **वइरसामी** समुप्पन्नो ।। ४७ ।।
साहाइ तस्स **चंदे कुलम्मि** निप्पडिमपसमकुलभवणं ।
आसि **सिरिवद्धमाणो** मुणिनाहो संजमनिहि व्व ।। ४८ ।।
मुणिवइणो तस्स हरट्टहाससियजसपसाहियासस्स ।
आसि दुवे वरसीसा जयपयडा सूर-ससिणो व्व ।। ५० ।।
भवजलहिवीइसंभंतभवियसंताणतारणसमत्थो ।
बोहित्थो व्व महत्थो सिरिसूरि**जिणेसरो** पढमो ।। ५१ ।।
अन्नो य पुन्निमायंदसुंदरो **बुद्धिसागरो** सूरी ।
निम्मवियपवर**वागरण-छंदसत्थो** पसत्थमई ।। ५३ ।।
एगंतवायविलसिरपरवाइकुरंगभंगसीहाणं ।
तेसिं सीसो **जिणचंद**सूरिनामो समुपन्नो ।। ५४ ।।
**संवेगरंगसाला** न केवलं कव्वविरयणा जेणं ।
भव्वजणविम्हयकरी विहिया संजमपवित्ती वि ।। ५५ ।।
ससमय-परसमयन्नू विसुद्धसिद्धंतदेसणाकुसलो ।
सयलमहिवलयवित्तो अन्नोऽ**भयदेव**सूरि त्ति ।। ५६ ।।
जेणालंकारधरा सलक्खणा वरपया पसन्ना य ।
**नवंगवित्ति**रयणेण भारई कामिणि व्व कया ।। ५७ ।।
तेसिं अत्थि विणेओ समत्थसत्थत्थबोहकुसलमई ।
सूरि **पसन्नचंदो** चंदो इव जणमणाणंदो ।। ५८ ।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तव्वयणेणं सिरि**सुमइवायगाणं** विणेयलेसेणं ।
गणिणा **गुणचंदेणं** रइयं **सिरिवीरचरियमिमं** ॥ ५९ ॥

जाओ तीसे सुंदरविच्चित्तलक्खणविराइयसरीरो ।
जेट्ठो **सिद्धो** पुत्तो बीओ पुण **वीरनामो** त्ति ॥ ७५ ॥

तेहिं तित्थाहिवपरमभत्तिपब्भरसमुव्वहंतेहिं ।
**वीरजिणचरियमेयं** कारवियं मुद्धबोहकरं ॥ ८० ॥

नंदसिहिरुद्द ११३९ संखे वोक्कंते विक्कमाओ कालम्मि ।
जेट्ठस्स सुद्धतइयातिहिम्मि सोमे समत्तमिमं ॥ ८३ ॥

**गुणचन्द्रीय-देवभद्रीयमहावीरचरितप्रशस्तिः ॥**

" **चंदकुले** गुणगणवद्धमाणसिरि**वद्धमाण**सूरिस्स ।
सीसा **जिणेसरो बुद्धिसागरो** सूरिणो जाया ॥ १ ॥

ताण **जिणचंद**सूरी सीसो सिरि**अभयदेवसूरि** वि ।
रवि-ससहर व्व पयडा अहेसि सियगुणमऊहेहिं ॥ ३ ॥

तेसिं अत्थि विणेओ समत्थसत्थत्थपारपत्तमई ।
सूरी **पसन्नचंदो** न नामओ अत्थओ वि परं ॥ ४ ॥

तस्सेवगेहिं सिरि**सुमइवायगाणं** विणेयलेसेहिं ।
सिरि**देवभद्दसूरी**हिं एस रइओ **कहाकोसो** ॥ ५ ॥

**संघधुरंधर**सिरि**सिद्ध-वीर**सेट्ठीण वयणओ जेहिं ।
**चरियं** चरिमजिणिंदस्स विरइयं **वीरनाहस्स** ॥ ६ ॥

परिकम्मिऊण विहियं जेहिं सइ भव्वलोगपाउग्गं ।
**संवेगरंगसाला**भिहाणमाराहणारयणं ॥ ७ ॥

वसुबाणरुद्द ११५८ संखे वच्चंते विक्कमाओ कालम्मि ।
लिहिओ पढमम्मि य पोत्थयम्मि गणि**अमलचंदेण** ॥ ९ ॥

**देवभद्राचार्यीयकथाकोशप्रशस्तिः ॥**

" तित्थम्मि वहंते तस्स भयवओ तियसवंदणिज्जम्मि ।
चंदकुलम्मि पसिद्धो विउलाए वइरसाहाए ॥

सिरि**वद्धमाण**सूरी अहेसि तव-नाण-चरणरयणनिही ।
जस्सऽज्ज वि सुमरंतो लोगो रोमंचमुव्वहइ ॥

तस्साऽऽसि दोन्नि सीसा जगविक्खाया दिवायर-ससि व्व ।
आयरिय**जिणेसर-बुद्धिसागरा**यरियनामाणो ॥

तेसिं च पुणो जाया सीसा दो महियलम्मि सुपसिद्धा ।
**जिणचन्दसूरि**नामो बीओऽ**भयदेवसूरि** त्ति ॥

सिद्धंतवित्तिविरयण पगरणउवयरियभव्वलोयाण ।
को ताण गुणलवं पि हु होज्ज समत्थो पवित्थरिउं ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तेसिं विणेयस्स **पसन्नचन्द**सूरिस्स सव्वगुणनिहिणो ।
पयपउमसेवगेहिं **सुमइउवज्झाय**सिस्सेहिं ॥
**संवेगरंगसाला**ऽऽराहणसत्थं जयम्मि वित्थरियं ।
रइयं च **वीरचरियं** जेहिं **कहारयणकोसो** य ॥
सोवन्निडयमंडिय**मुणिसुव्वय** १ **वीरभवण** २ रमणीए ।
**भरुयच्छे** तेहि ठिएहिं मंदिरे **आमदत्तस्स** ॥
सिरि**देवभद्द**सूरीहिं विरइयं **पासनाहचरिय**मिमं ।
लिहियं पढमिल्लुयपोत्थयम्मि गणि**अमलचन्देण** ॥
काले वसुरसरुद्दे ११६८ वच्चंते विक्कमाओ सिद्धमिमं ।
असुचियमिह सूरीहिं खमियव्वं सोहियव्वं च ॥

॥ इति श्रीप्रसन्नचन्द्रसूरिपादसेवकश्रीदेवभद्राचार्यविरचितं पार्श्वनाथचरितं समाप्तम् ॥ "

**देवभद्रीयपार्श्वनाथचरितप्रशस्तिः** ॥

આ ઉપરાંત આચાર્ય શ્રી જિનચંદ્રસૂરિવિરચિત સંવેગરંગશાલા ગ્રંથની પુષ્પિકા, જે આચાર્ય શ્રી દેવભદ્રસૂરિના સંબંધમાં ઉપયોગી છે, તે પણ જોઈ લઈએ—

" इति **श्रीमज्जिनचन्द्र**सूरिकृता तद्विनेय**श्रीप्रसन्नचन्द्र**सूरिसमभ्यर्थितेन **गुणचन्द्र**गणि[ना] प्रतिसंस्कृता **जिनवल्लभ**गणिना च संशोधिता संवेगरङ्गशालाऽऽराधना समाप्ता ॥ "

ઉપર જે ચાર ગ્રંથોની પ્રશસ્તિ અને પુષ્પિકાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, એ ઉપરથી આચાર્ય શ્રી દેવભદ્રસૂરિના સંબંધમાં નીચેની હકીકત તરી આવે છે :

આચાર્ય શ્રી દેવભદ્ર, શ્રી સુમતિવાચકના શિષ્ય હતા. આચાર્યપદારૂઢ થયા પહેલાં તેમનું નામ ગુણચંદ્રગણી હતું, જે નામાવસ્થામાં તેમણે વિ. સં. ૧૧૨૫ માં સંવેગરંગશાલા નામના આરાધનાશાસ્ત્રને સંસ્કારયુક્ત કર્યું અને વિ. સં. ૧૧૩૯ માં મહાવીરચરિત્રનું નિર્માણ કર્યું હતું.

સંવેગરંગશાલાની પુષ્પિકામાં "तद्विनेयश्रीप्रसन्नचन्द्रसूरिसमभ्यर्थितेन गुणचन्द्रगणिना" તથા મહાવીરચરિત્રની પ્રશસ્તિમાં सूरी पसन्नचंदो चंदो इव जणमणाणंदो ॥ तव्वयणेणं सिरिसुमइवायगाणं विणेयलेसेणं । गणिना **गुणचंदेण**' એ મુજબના આચાર્ય શ્રી પ્રસન્નચંદ્ર અને શ્રી દેવભદ્રસૂરિના પારસ્પરિક સંબંધના દૂરભાવને સૂચવતા 'समभ्यर्थितेन' અને 'तव्वयणेणं' જેવા શબ્દો જોવામાં આવે છે જ્યારે કથારત્નકોશ અને પાર્શ્વનાથચરિત્રની પ્રશસ્તિમાં એ બન્નેયના પારસ્પરિક ઔચિત્ય-ભાવભર્યા ગુણાનુરાગને વરસાવતા 'तस्सेवगेहिं' અને 'पयपउमसेवगेहिं' જેવા શબ્દો નજરે પડે છે. આનું કારણ એ જ કલ્પી શકાય છે કે, આચાર્ય શ્રી પ્રસન્નચંદ્રે ગુણચંદ્રગણિના ગુણોથી આકર્ષાઈ તેમને આચાર્યપદારૂઢ કર્યા હશે અને એ રીતે એ બન્નેય આચાર્યો એકબીજામાં ઓતપ્રોત થયા હશે.

ઉપર જણાવવામાં આવ્યું તેમ ગુણચંદ્રગણિ અને શ્રી દેવભદ્રસૂરિ એ બન્નેય એક જ વ્યક્તિ છે એમાં લેશ પણ શંકાને સ્થાન નથી, કારણ કે જે શ્રેષ્ઠિની વિજ્ઞપ્તિને આધીન થઈ મહાવીરચરિત્રની રચના કર્યાનો નિર્દેશ કથારત્નકોશ અને પાર્શ્વનાથચરિત્રમાં છે એ જ ઉલ્લેખ, ગુરુનામનિર્દેશ, પટ્ટપરંપરા વગેરે બધુંય એકસરખું મહાવીરચરિત્રમાં મળી આવે છે. તેમ જ કથારત્નકોશકાર અને પાર્શ્વનાથ-ચરિત્રકાર પોતાને સંવેગરંગશાલા ગ્રંથના સંસ્કર્તા તરીકે ઓળખાવે છે છતાં એ નામ–દેવભદ્રસૂરિ નામ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

–એ ગ્રંથની પુષ્પિકામાં મળતા ગુણચંદ્રગણિ એ નામનો ઉલ્લેખ મળે છે, જે મહાવીરચરિત્રના પ્રણેતાનું નામ છે. એટલે કોઈ પણ જાતની શંકા વિના આનો અર્થ એટલો જ થયો કે, આચાર્ય દેવચંદ્ર અને ગુણચંદ્રગણિ એ બન્નેય એક જ વ્યક્તિ છે.

ઉપર 'ગુણચંદ્રગણિ અને શ્રી દેવભદ્રસૂરિ એ ભિન્નનામધારી એક જ મહાપુરુષ છે' એ સાબિત કરવા માટે તેમની જે ત્રણ કૃતિઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે ઉપરાંત તેમણે અનેક સ્તોત્રોની તથા પ્રમાણપ્રકાશ (?) જેવા સમર્થ દાર્શનિક ગ્રંથની પણ રચના કરી છે. તેમનાં સ્તોત્રો પૈકી ત્રણ સ્તોત્રો તેમ જ પ્રમાણપ્રકાશ (?) ગ્રંથનો જેટલો અંશ લભ્ય થઈ શક્યાં છે એ બધાંયને અહીં કથારત્નકોશને અંતે પ્રસિદ્ધ કરેલ છે. એ પ્રસિદ્ધ કરેલ સ્તોત્રો જોતાં તેમ જ કથારત્નકોશ આદિમાં સ્થળે સ્થળે આવતી દાર્શનિક ચર્ચાઓ જોતાં શ્રી દેવભદ્રાચાર્યનો સમર્થ દાર્શનિક આચાર્યની કોટિમાં સમાવેશ કરવો જરા પણ અનુચિત કે અસંગતિભર્યો નહિ જ લાગે.

પ્રસ્તુત પ્રકાશનને અંતે જે દાર્શનિક પ્રકરણ અને સ્તોત્રો પ્રસિદ્ધ કરવામાં આવ્યાં છે, એ પાટણ ખેત્રવસી પાડાના તાડપત્રીય ભંડારમાંની પ્રાચીનતમ તાડપત્રીય પ્રકરણપોથીમાંથી મળી આવ્યાં છે, જેને આધારે તૈયાર કરી પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. એ સ્તોત્રો જેવાં મળ્યાં છે તેવાં જ શક્ય સંશોધન સાથે પ્રસિદ્ધ કર્યાં છે, એટલે એના સંબંધમાં ખાસ કશું જ કહેવાનું નથી; પરંતુ "પ્રમાણપ્રકાશ" નામનું જે પ્રકરણ પ્રસિદ્ધ કર્યું છે, એ પ્રકરણના નામને અથવા એના પ્રણેતાને સૂચવતો કશોય ઉલ્લેખ એ પોથીમાંથી મળી શક્યો નથી, તે છતાં એ અપૂર્ણ અને નિર્નામક પ્રકરણનું નામ મેં 'प्रमाणप्रकाश' આપ્યું છે તે એ પ્રકરણના ત્રીજા શ્લોકમાં આવતા "प्रमाणमेत्र यत् सद्भिस्तदेवातः प्रकाश्यते" એ આર્થિક અનુસંધાનને લક્ષમાં રાખીને જ આપવામાં આવ્યું છે. એ જ રીતે ગ્રંથપ્રણેતા તરીકે આચાર્ય દેવભદ્રના નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે એનું કારણ એ છે કે, આ પ્રકરણ, ઉપરોક્ત તાડપત્રીય પોથીમાં, દેવભદ્રસૂરિકૃત સ્તોત્રસંગ્રહ સાથે સંલગ્ન હોઈ તેમ જ આચાર્ય દેવભદ્રની સ્તોત્ર-રચનામાં તેમ જ બીજી દરેક કૃતિમાં તેમની દાર્શનિકતાનો પ્રભાવ દેખાતો હોઈ આ કૃતિ તેમની હોવી જોઈએ એમ માનીને મેં પોતે પ્રસ્તુત પ્રકરણને એમની કૃતિ તરીકે નિર્દેશી છે. એટલે સંભવ છે અને કદાચ શક્ય પણ છે કે—પ્રસ્તુત પ્રકરણનું નામ "**પ્રમાણપ્રકાશ**" ન હોય અને એના પ્રણેતા આચાર્ય દેવભદ્ર પણ ન હોય. આમ છતાં એ પ્રકરણમાંનો આઠમો શ્લોક જોયા પછી 'પ્રસ્તુત પ્રકરણ શ્વેતાંબરાચાર્યવિરચિત છે' એ વિષે તો જરા પણ શંકા રહેતી નથી:

वादन्यायस्ततः सर्ववित्त्वे च मुक्तिसम्भवः ।
पुंस्त्रियोश्च समा मुक्तिरिति शास्त्रार्थसंग्रहः ॥ ८ ॥

આ શ્લોકમાં જણાવ્યા પ્રમાણે "પ્રસ્તુત પ્રકરણમાં કેવળજ્ઞાનીને આહારનો સંભવ છે અને પુરુષ અને સ્ત્રીને એકસરખી રીતે મોક્ષ પ્રાપ્ત થઈ શકે છે, આ બે વિષયો ચર્ચવામાં આવશે." આથી પ્રસ્તુત પ્રકરણ શ્વેતાંબરાચાર્યપ્રણીત જ છે, એ નિર્વિવાદ રીતે પુરવાર થાય છે.

આ પ્રમાણે અહીં ટૂંકમાં જણાવવામાં આવ્યું છે તે ઉપરથી આપણને ખાતરી થાય છે કે, પૂજ્ય આચાર્ય શ્રી દેવભદ્રસૂરિ સમર્થ કથાકાર, સ્તુતિકાર તેમ જ દાર્શનિક બહુશ્રુત આચાર્ય હતા.

આચાર્ય દેવભદ્રસૂરિના સંબંધમાં આટલું નિવેદન કર્યા પછી 'તેઓશ્રી કયા ગચ્છના હતા' એ પ્રશ્ન રહી જાય છે. આ વિષે અહીં એટલું જ કહેવું પ્રાપ્ત છે કે, આજે એમના જેટલા ગ્રંથો વિદ્યમાન છે એ પૈકી કોઈમાં પણ તેઓશ્રીએ પોતાના ગચ્છનો નામનિર્દેશ કર્યો નથી; પરંતુ એ ગ્રંથોની વિસ્તૃત પ્રશસ્તિઓમાં તેઓ પોતાને માત્ર વજ્રશાખીય અને ચંદ્રકુલીન તરીકે જ ઓળખાવે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. એટલે આ વિષે અમે પણ તેઓશ્રી પોતે પોતાને ઓળખાવે છે તેમ તેમને ‘ વજ્રશાખીય અને ચંદ્રકુલીન આચાર્ય ’ તરીકે જ ઓળખાવીએ છીએ.

જોકે જેસલમેરની તાડપત્રીય પાર્શ્વનાથચરિત્રની પ્રતિની પ્રશસ્તિમાં ‘ विउलाए वइरसाहाए ’ પાઠને ભૂંસી નાખીને બદલામાં ‘ खरयरो वइरसाहाए ’ પાઠ, અને ‘ आयरियजिणेसरबुद्धिसागरायरियनामाणो ’ પાઠને ભૂંસી નાખીને તેના સ્થાનમાં ‘ आयरियजिणेसरबुद्धिसागरा खरयरा जाया ’ પાઠ લખી નાખેલો મળે છે; પરંતુ એ રીતે ભૂંસી–બગાડીને નવા બનાવેલા પાઠોનો ઐતિહાસિક પ્રમાણ તરીકે ક્યારે પણ ઉપયોગ કરી શકાય નહિ. એટલે અમે એવા પાઠોને અમારી પ્રસ્તુત પ્રસ્તાવનામાં પ્રમાણ તરીકે સ્વીકાર્યા નથી. ઉપર જણાવવામાં આવ્યું તેમ જેસલમેરમાં એવી ઘણી પ્રાચીન પ્રતિઓ છે, જેમાંની પ્રશસ્તિ અને પુષ્પિકાઓના પાઠોને, ગચ્છવ્યામોહને અધીન થઈ, બગાડીને તે તે ઠેકાણે ‘ ખરતર ’ શબ્દ લખી નાખવામાં આવ્યો છે, જે ઘણું જ અનુચિત કાર્ય છે.

**૬. કથારત્નકોશનાં અનુકરણ અને અવતરણ**—આચાર્ય શ્રી દેવભદ્રનો પ્રસ્તુત કથારત્નકોશ રચાયો ત્યારથી તેની વિશિષ્ટતાને લઈ એટલી બધી ખ્યાતિ પાથી ચૂક્યો હતો કે બીજા બીજા જૈન આચાર્યોએ પોતપોતાના ગ્રંથોમાં તેનાં અનુકરણ અને અવતરણો કરીને પોતાની અને પોતાની કૃતિઓની પ્રતિષ્ઠા વધારી હતી. આચાર્ય શ્રી દેવભદ્રસૂરિકૃત દેવવંદનભાષ્ય ઉપર શ્રી ધર્મકીર્તિએ રચેલી ‘ સંઘાચારવિધિ ’ નામની ટીકામાં કથારત્નકોશની કથાને જેમની તેમ સહજ ફેરફાર કરીને ઉદ્ધરી છે. તેમ જ સુવિહિત પૂર્વાચાર્યપ્રણીત ‘ ગુરુતત્ત્વસિદ્ધિ’માં કથારત્નકોશનું એક આખું પ્રકરણ જ અક્ષરશઃ ગોઠવી દીધું છે. અને આચાર્ય શ્રી જિનપ્રભસૂરિએ પોતાના વિધિપ્રપા ગ્રંથમાં ધ્વજારોપણવિધિ, પ્રતિષ્ઠોપકરણસંગ્રહ તથા પ્રતિષ્ઠાવિધિ નામનાં પ્રકરણોમાં કથારત્નકોશનાં તે તે સળંગ પ્રકરણો અને તેમાં આવતા શ્લોકોનાં અવતરણો કરેલાં છે.

ઉક્ત હકીકતનો સ્પષ્ટ ખ્યાલ આવે તે માટે આ નીચે થોડોક ઉતારો આપીએ છીએ :

**कथारत्नकोश विजयकथानक ११**

तस्स य रन्नो मित्तो अहेसि दढगाढरूढपडिबंधो ।
आबालकालसहपंसुकीलिओ नाम सिरिगुत्तो ॥ १६ ॥

सुहिसयणबंधवाणं थेवं पि हु नेव देइ ओगासं ।
घणमुच्छाए परिहरइ दूरओ साहुगोट्ठिं पि ॥ २१ ॥

नवरं चिरपुरिसागय–सावयधम्मक्खरणं जहावसरं ।
जिणपूयणाइपमुहं जहापयट्टं कुणइ किं पि ॥ २२ ॥

उक्खणणखणणपरियत्तणाहिं गोवेइ तं च नियधणं ।
अवहारसंकियमणो पइक्खणं लंछणे नियइ ॥ २३ ॥

सिट्ठं जणणीए अन्नया य तुह पुत्त ! संतिओ ताओ ।
साहिंतो मह कहमवि परितोसगओ गिहादूरे ॥ ५२ ॥

अट्ठावयस्स कोडीउ अट्ठ चिट्ठंति भूमिनिहियाओ ।
ता वच्छ ! किं न ठाणाइं ताइं इण्हिं खणेसि ? त्ति ॥ ५३ ॥

इत्यादि ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**संघाचारविधि विजयकुमारकथा पृ. ४२८**

दृढगाढप्रतिबन्धः श्रीगुप्ताख्यः कुबेरसमविभवः ।
सहपंसुकीलिओ तस्स आसि मित्तो महाकिविणो ॥ २ ॥
न ददाति स्वजनेभ्यः किञ्चिन्न व्ययति किञ्चिदपि धर्मे ।
धणमुच्छाए दज्जइ गमागमं सव्वठाणेसु ॥ ३ ॥
नवरं चिरपुरुषागत–जिनवरधर्मक्षणं यथावसरम् ।
जिणपूयणाइपमुहं जहापयट्टं कुणइ किं पि ॥ ४ ॥
उत्खननखननपरिवर्त्तनादिभिः तद्धनं निजं नित्यम् ।
अवहारसंकियमणो गोवंतो सो किलेसेइ ॥ ५ ॥
सदनान्तः किञ्चिदपि द्रव्यमपश्यन्नसौ बहुक्लेशैः ।
भोयणमवि अज्जंतो कया वि जणणीइ इममुत्तो ॥ ८ ॥
वत्सेह स्थानेऽष्टौ कोटयः कनकस्य सन्ति निक्षिप्ताः ।
तुह पिउणा ता गिण्हसु कयं किलेसेहिं सेसेहिं ॥ ९ ॥
इत्यादि ॥

પ્રસ્તુત વિજય નામના શ્રેષ્ઠિપુત્રની કથા કથારત્નકોશકારે ચૈત્યાધિકારમાં આપેલી છે, ત્યારે એ જ કથા સંઘાચારવિધિના પ્રણેતાએ સ્તોત્રના અધિકારમાં વર્ણવેલી છે. કથારત્નકોશમાં એ કથા આખી પ્રાકૃતમાં છે, ત્યારે સંઘાચારવિધિકારે એ કથાને બે ભાષામાં એટલે કે એક જ ગાથામાં પૂર્વાર્ધ સંસ્કૃત અને ઉત્તરાર્ધ પ્રાકૃત એમ બે ભાષામાં યોજેલી છે. સંઘાચારવિધિટીકામાંની કથામાં જે ઉત્તરાર્ધ પ્રાકૃત છે તે આખી કથામાં મોટે ભાગે કથારત્નકોશના અક્ષરેઅક્ષર ઉદ્ધરેલ છે અને પૂર્વાર્ધ પણ કથારત્નકોશમાંની કથાના લગભગ અનુવાદ જેવા છે, જે ઉપર આપેલી સામસામી ગાથાઓને સરખાવવાથી સ્પષ્ટ થઈ જાય એમ છે.

આચાર્ય મહારાજ શ્રી વિજયનીતિસૂરિ તરફથી પ્રસિદ્ધ થયેલ ગુરુતત્ત્વસિદ્ધિમાં પૃ. ૪૭ ઉપર **સંવેગરંગશાલા**ના નામે ઉદ્ધરેલ " इत्थंतरम्मि सड्ढो आसधरो नाम भणइ दुवियड्ढो " એ ગાથાથી શરૂ થતું ૫૯ ગાથાનું જે પ્રકરણ છે તે આખુંય કથારત્નકોશના પૃ. ૧૦ થી ૧૨ માં ગાથા ૧૮૫ થી ૨૪૩ સુધીમાં છે. ગુરુતત્ત્વસિદ્ધિમાં આ પ્રકરણ સંવેગરંગશાલાના ઉતારા તરીકે જણાવેલ છે. પણ ખરી રીતે આ પ્રકરણ કથારત્નકોશમાંનું જ છે. આ ઉપરથી ગુરુતત્ત્વસિદ્ધિના રચનાસમય ઉપર પણ પ્રકાશ પડે છે અને કથારત્નકોશની આદેયતા પણ પુરવાર થાય છે.

વિધિપ્રપા પૃ૦ ૧૦૯ ઉપર પ્રતિષ્ઠા પ્રસંગને લગતી કેટલીક મુદ્રાઓના વર્ણન અંગેની પાંચ ગાથાઓ આપેલી છે તે અને ત્યાર પછી પૃ૦ ૧૧૧ ઉપર પ્રતિષ્ઠા સંબંધે જે ૩૯ ગાથાઓ છે તે બધી અક્ષરશઃ પ્રસ્તુત કથારત્નકોશમાં પૃ૦ ૮૬ ગાથા ૧૭ થી ૫૫ સુધીમાં ઉપલબ્ધ છે. તથા પૃ૦ ૧૧૪ ઉપર 'ધ્વજારોપણવિધિ'ના નામ નીચે જે ૪૦ થી ૫૦ ગાથાઓ નોંધેલી છે તે પણ કથારત્નકોશમાં આવતા વિજયકથાનકમાં પૃ૦ ૭૧ ઉપર આપેલી ૧૧૪ થી ૧૨૪ ગાથાઓ છે. વિધિપ્રપાકારે ત્યાં કથારત્નકોશના નામનો ઉલ્લેખ પણ કર્યો છે.

આ પ્રમાણે અહીં કથારત્નકોશનું અનુકરણ અને અવતરણ કરનાર સુવિહિત પુરુષોના બે-ત્રણ ગ્રંથોની તુલના કરી છે, પરંતુ બીજા આચાર્યોની કૃતિમાં પણ કથારત્નકોશનાં અનુકરણો અને અવ-



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તરણો જરૂર હશે; પરંતુ અહીં તો આટલેથી જ વિરમું છું. આ અનુકરણો અને અવતરણોએ પણ પ્રસ્તુત કથારત્નકોશ ગ્રંથના સંશોધનમાં વધારાની સહાય કરી છે એટલે એ દૃષ્ટિએ પણ તે તે અનુકરણ કરનારા અને અવતરણ કરનારા આચાર્યો વિશેષ સ્મરણાર્હ છે.

**૭. કથારત્નકોશના સંશોધન માટેની પ્રતિઓ**—આજે કથારત્નકોશની એકંદર ત્રણ પ્રતિઓ વિદ્યમાન છે એમ જાણી શકાયું છે. જે પૈકીની એક પ્રતિ ખંભાતના તાડપત્રીય ભંડારમાં છે, એક પ્રવર્તકજી મહારાજ શ્રી કાંતિવિજયજી મહારાજના વડોદરાના વિશાળ જ્ઞાનભંડારમાં છે અને એક ચૂરુ(મારવાડ)ના તેરાપંથીય જ્ઞાનભંડારમાં છે. આ રીતે આજે જોવા-જાણવામાં આવેલી ત્રણ પ્રતો પૈકી માત્ર ખંભાતના ભંડારની પ્રતિ જ સાદ્યંત પરિપૂર્ણ છે. તે સિવાય પૂજ્ય પ્રવર્તકજી મહારાજશ્રીના ભંડારની પ્રતિ એક કાળે સાદ્યંત પરિપૂર્ણ હોવા છતાં અત્યારે એમાંથી આદિ-મધ્ય-અંતમાંનાં ઘણાં પાનાં ગૂમ થયેલાં હોઈ ખંડિત પ્રતિ છે; જ્યારે ચૂરુના ભંડારની પ્રતિ કાગળ ઉપર લખાયેલી ગ્રંથના ઉત્તરખંડરૂપ છે. આ ત્રણ પ્રતો પૈકી જે બે અતિ પ્રાચીન તાડપત્રીય પ્રતિઓનો મેં મારા પ્રસ્તુત સંશોધનમાં ઉપયોગ કર્યો છે તેનો પરિચય આ ઠેકાણે કરાવવામાં આવે છે:

**ખં૦ પ્રતિ**—આ પ્રતિ ખંભાતના **"શ્રી શાન્તિનાથ જૈન જ્ઞાનભંડાર"**ને નામે ઓળખાતા પ્રાચીનતમ અને ગૌરવશાલી તાડપત્રીય જૈન જ્ઞાનભંડારની છે. પ્રતિ અતિસુકોમળ સુંદરતમ શ્રીતાડપત્ર ઉપર સુંદર લિપિથી લખાયેલી છે. એની પત્રસંખ્યા ૩૧૭ છે. તેની દરેક પૂંઠીમાં ત્રણ, ચાર કે પાંચ લીટીઓ લખેલી છે. દરેક લીટીમાં ૧૨૭ થી ૧૪૦ લગભગ અક્ષરો છે. એ અક્ષરો ઠેકઠેકાણે નાના-મોટા લખાવા છતાં લિપિનું સૌંદર્ય આદિથી અંત સુધી એકસરખું જળવાયેલું છે. પ્રતિની લંબાઈ પહોળાઈ ૩૧×૨૧ ઇંચની છે. પ્રતિ લાંબી હોઈ તેનાં પાનાં સુવ્યવસ્થિત રીતે રહી શકે એ કારણસર દોરો પરોવવા માટે તેના વચમાં બે કાણાં પાડી ત્રણ વિભાગમાં લખાયેલી છે. પ્રતિ વિક્રમ સંવત ૧૨૮૬માં લખાયેલી હોવા છતાં તેની સ્થિતિ હજુ જેવી ને તેવી નિરાબાધ છે. પ્રતિ ઘણી જ અશુદ્ધ છે એટલું જ નહિ, પણ એમાં ઘણે ઠેકાણે પંક્તિઓની પંક્તિઓ જેટલા પાઠો પડી ગયા છે, તેમ જ લેખકની લિપિવિષયક અજ્ઞાનતાને લીધે સ્થાન-સ્થાન પર અક્ષરોની ફેરબદલી તથા અસ્તવ્યસ્તતા પણ બહુ જ થયેલાં છે. પ્રતિના અંતમાં તેના લખાવનાર પુણ્યવાન આચાર્ય અને શ્રાવકની એકવીસ શ્લોક જેટલી લાંબી પ્રશસ્તિ લખેલી હોવા છતાં કોઈ ભાગ્યવાને એ પ્રશસ્તિને સદંતર ભૂંસી નાખવાનું પુણ્યકાર્ય ઉપાર્જન કર્યું છે! તે છતાં એ ઘસી-ભૂંસી નાખેલી પ્રશસ્તિને અતિ પ્રયત્નને અંતે અમે જે રીતે અને જેટલી વાંચી શક્યા છીએ તેટલો ઉતારો આ નીચે આપીએ છીએ:

इति प्रव्रज्यार्थचिन्तायां श्रीप्रभप्रभाचन्द्रचरितमुक्तम् । तदुक्तौ च सम्यक्त्वादिपञ्चाशदर्थाधिकारसम्बद्धः कथारत्नकोशोऽपि समाप्तः ॥ छ ॥ छ ॥ छ ॥ मङ्गलं महाश्रीः ॥ शुभं भवतु ॥ शिवमस्तु सर्वजगतः परहितनिरता भवन्तु भूतगणाः । दोषाः प्रयान्तु नाशं सर्वत्र सुखी भवतु लोकः ॥ १ ॥ छ ॥ ६०३ ॥ छ ॥ संवत् १२८६ वर्षे श्रावण शुदि ३ बुधेऽद्येह प्रह्लादनपुरे कथारत्नकोशपुस्तकमलेखीति भद्रमिति ॥ छ ॥ ॥ छ ॥ छ ॥

॥ श्रीमद्वीरदृशः पान्तु सुधावृष्टेः सहोदराः ।
स्वर्भूर्भूगर्भशस्यानां फलसम्पत्तिहेतुकम् ॥ १ ॥

श्रीमत्**प्राग्वाटवंशो** जगति विजयतेः ।
...............जगुरुगणनाप्रौढमेधाभिरामः ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उच्चैः शाखासहस्रैः परिकलितवपुः पात्रपूरान्वितोऽसौ,
चित्रं छिद्रं न यस्मिन्नघजडकलितो नैव युक्तो न हीनः ॥ २ ॥
तस्मिन् क्ष्माभृति...ययनोदया...नमलक्षणाभिदुरि......सा......स ॥ ३ ॥

......................क्तो, **मोढेरके वीरजिनस्य** भक्तः ।
अगण्यपुण्योपचितोऽत्र शस्यो, **देदा**ख्यसाधुः स्वजनैकमान्यः ॥ ४ ॥

तस्यात्मजो **देल्हणनाम**धेय, औदार्यधैर्यादिगुणैरमेयः ।
कलत्रमेतस्य बभूव **धन्या**, दानैक......रिरेव...... ॥ ५ ॥

.........प्रभूता.................................. ।
...........तदानशीलोछ्रीते मिमीतेत्फलयेतनूजे ॥ ६ ॥

आद्याऽऽदिमस्याजनि **देल्हु**काख्या, कान्तऽभ**वद्धाइणिका** द्वितीया ।
पुत्रोऽपरस्याः किल **राजदेवो**, ज्येष्ठः कनिष्ठोऽजनि **कामदेवः** ॥ ७ ॥

**राजदेवस्य** तो.............................. ।
............................................ ॥ ८ ॥

ना...कामा विदिता प्रशान्ता, पतिव्रता **थेहड**साधुकान्ता ।
विख्यातवंशा पतिभक्तिरक्ता, दोषैर्विमुक्ता कुलधर्मयुक्ता ॥ ९ ॥

...शुभं सुम......समा..................... ।
तस्य प्रणाम......तकामरामदेव इति निर्मितन ॥ १० ॥

........................................... ।
..........................................बुर्वातिकाः ॥ ११ ॥

प्रथमा **विजयिणि**र्नाम, द्वितीया **भोलिका**भिधा ।
**शम्भूदेवो** विनीतोऽस्ति, **भोलीपुत्रः**............॥ १२ ॥

पत्नी **कल्हू रामदेवस्य** दक्षा प्रत्यक्षेयं दृश्यते शुद्धपक्षा ।
भर्तृभक्ता शुद्धशीला विनीता, जाता चेयं रामचन्द्रस्य सीता ॥ १३ ॥

मालवमंडलमध्ये.........................भूपाल... ।
...........णोपार्जितसंतत पाण्डित्यं **रामदेवो** यम् ॥ १४ ॥

जिनेन्द्रदेवाल[य]पौषधे च, वापीसरःकूपनिपानकानि ।
नवीन–जीर्णोद्धरणेषु नित्यं सदोद्यतः पण्डित**रामदेवः** । १५ ॥

षड्दर्शने पूजनबद्धकक्षः, दाने च दीनोद्धरणे च दक्षः ।
सन्न्यायमार्गे कृतशुद्धपक्षः..................... ॥ १६ ॥

..................श्री.........हैंकुलगोत्र...... ।
प्रसादमासाद्य वटद्रुरीत्या आचन्द्रसूर्यं शतशाखमेतु ॥ १७ ॥

त ..।...**सुरयो** मान्याः, श्रीश्रीपरमेश्वराः ।
तत्पादाम्बुजरवयः, **श्रीजगच्चन्द्र**सूरयः (?) ॥ १८ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

वादि.................................. ।
**श्रीरवितिलका**......................... ॥ १९ ॥
**श्रीसोमतिलकसूरि**र्भूरिगुणश्चरितचारुचारित्रः ।
तच्छिष्यः **सोमयशा**स्तस्मादुपदेशमासाद्य ॥ २० ॥
विद्यादानं दानतो मुख्यमेतज्ज्ञात्वा सम्यक् **श्रीकथारत्नकोशः** ।
पित्रोः...........पुण्यहेतोर्जैनं शास्त्रं........... ॥ २१ ॥
.............................................. ॥ २२ ॥
हिमकारगज.........दंतैश्च शैलेन्द्रस्य महे......
गिरिगणेशज्योत्स्ना......या । यावद्गांग जलौकसो...... ॥ २३ ॥
॥ छ ॥............................................॥ छ ॥

પ્રસ્તુત પ્રતિનાં પાનાં વચમાં કોઈ કોઈ ઠેકાણે ઘસાઈ ગયેલાં છે એ બાદ કરીએ તો આ પ્રતિ સાદ્યંત પરિપૂર્ણ છે. પ્રતિ ખંભાતના જ્ઞાનભંડારની હોઈ તેની સંજ્ઞા અમે ખં૦ રાખી છે. પરંતુ જ્યાં પ્ર૦ પ્રતિ ખંડિત હોઈ ફક્ત આ એક જ પ્રતિના આધારે સંશોધન કર્યું છે ત્યાં આ પ્રતિના અશુદ્ધ પાઠોને ટિપ્પણમાં આપતાં આ પ્રતિને અમે **प्रतौ** એ સંકેતથી ઓળખાવી છે. એટલે કે આથી અમે એમ જણાવવા ઇચ્છીએ છીએ કે જ્યાં અમે પાઠભેદ સાથે प्रतौ એમ નોંધ્યું હોય ત્યાં એમ સમજવું કે એ ઠેકાણે પ્ર૦ પ્રતિ ખંડિત હોઈ તે તે વિભાગને માત્ર ખં૦ પ્રતિના આધારે જ સંપાદિત કરવામાં આવ્યો છે.

**પ્ર૦ પ્રતિ**—આ પ્રતિ પૂજ્યપાદ વયોવૃદ્ધ શાંતિમૂર્તિ પરમગુરુદેવ પ્રવર્તકજી મહારાજ શ્રી ૧૦૦૮ શ્રી **કાંતિવિજયજી** મહારાજના વડોદરાના જૈન જ્ઞાનભંડારની છે. એ પ્રતિ પાટણ શ્રીસંઘના જ્ઞાનભંડારનાં અસ્તવ્યસ્ત તાડપત્રીય પાનાંમાંથી મેળવેલી હોઈ ખરી રીતે એ પાટણ શ્રીસંઘના જ્ઞાનભંડારની જ પ્રતિ કહી શકાય. આ પ્રતિ સુંદરતમ શ્રીતાડપત્ર ઉપર અતિમનોહર એકધારી લિપિથી લખાયેલી છે. પ્રતિના અંતનો ભાગ અધૂરો હોઈ તેનાં એકંદર કેટલાં પાનાં હશે એ કહી શકાય તેમ નથી. તે છતાં અત્યારે જે પાનાં વિદ્યમાન છે તે ૧૩૯ થી ૨૯૫ સુધી છે. તેમાં પણ વચમાંથી ૧૬૭, ૧૬૮, ૨૦૧ થી ૨૨૭, ૨૪૬ અને ૨૫૯ આ પ્રમાણે બધાં મળી એકંદર એકત્રીસ પાનાં ગૂમ થયાં છે. એટલે આ પ્રતિનાં વિદ્યમાન પાનાં માત્ર ૧૨૬ હોઈ સામાન્ય રીતે એમ કહી શકાય કે આ પ્રતિનાં બે ભાગનાં પાનાં ગૂમ થયાં છે, જ્યારે માત્ર ત્રીજા ભાગ જેટલાં જ પાનાં વિદ્યમાન છે. આમ છતાં આ ખંડિત પ્રતિ શુદ્ધપ્રાય હોઈ એણે પ્રસ્તુત ગ્રંથના સંશોધનમાં ખૂબ જ મદદ કરી છે. અનેક ઠેકાણે પંક્તિઓની પંક્તિ જેટલા પાઠો, જે ખં૦ પ્રતિમાં પડી ગયેલા હતા, તે પણ આ ખંડિત પ્રતિ દ્વારા પૂરી શકાયા છે. પ્રસ્તુત પ્રતિને કોઈ વિદ્વાને વાંચીને સાંગોપાંગ સુધારવા પ્રયત્ન કર્યો છે અને કોઈ કોઈ ઠેકાણે કઠિન શબ્દ ઉપર ટિપ્પણ પણ કરેલ છે. પ્રસ્તુત પ્રતિ તાડપત્રીય લખાણના જમાનામાં જ ગમે તે કારણસર ખંડિત થયેલ હોઈ તેમાં ઘણે ઠેકાણે પાનાં નવાં લખાવીને ઉમેરવામાં આવ્યાં છે, જે ખં૦ પ્રતિને મળતી કોઈ પ્રતિ ઉપરથી લખાયેલાં હોય તેમ લાગે છે. પ્રતિના પાનાની દરેક પૂંઠીમાં પાંચ કે ૭ લીટીઓ લખેલી છે. દરેક લીટીમાં ૧૧૫ થી ૧૩૦ અક્ષરો છે. પ્રતિની લંબાઈ-પહોળાઈ ૩૦×૨ા ઇંચની છે. આ પ્રતિ પણ, ઉપર જણાવ્યા મુજબ, દોરો પરોવવા માટે વચમાં બે કાણાં પાડી ત્રણ વિભાગમાં લખવામાં આવી છે. પ્રતિની લિપિ અને સ્થિતિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જોતાં એ ખં૦ પ્રતિ કરતાં વધારે પ્રાચીન છે અને એની સ્થિતિ જરાજીર્ણ થઈ ગઈ છે. પ્રસ્તુત પ્રતિ અત્યારે પ્રવર્તકજી મહારાજશ્રીના જ્ઞાનભંડારમાં હોઈ એની સંજ્ઞા અમે પ્રં૦ રાખી છે અને જ્યાં પ્રતિમાંના સુધારેલા પાઠભેદોને અમે પાઠાંતરમાં આપ્યા છે ત્યાં प्रसं० એમ જણાવ્યું છે.

**પ્રતિઓની વિશેષતા અને શુદ્ધયશુદ્ધયાદિ**—ઉપર જે બે પ્રતિઓનો પરિચય આપવામાં આવ્યો છે તે પૈકી પ્રં૦ પ્રતિ ભ્રાન્તિ રહિત શુદ્ધ લિપિમાં લખાયેલી છે. એમાં લેખકના લિપિવિષયક અજ્ઞાનજનિત અશુદ્ધિઓ બહુ જ ઓછી છે તેમ જ એ પ્રતિને કોઈ વિદ્વાને સુધારેલી પણ છે; એટલે તેના વિષે ફક્ત એટલું જ કહેવાનું રહે છે કે પ્રતિના શોધકે કથાસમાપ્તિની પુષ્પિકામાં કેટલેક ઠેકાણે "इति श्रीदेवभद्रसूरिविरचिते" એ પ્રમાણે ગ્રંથકારના નામનો નિર્દેશ કરતી જે પંક્તિ ઉમેરેલી છે એ અમે સ્વીકારી નથી. આ સિવાય આ પ્રતિ વિષે કશું જ કહેવાનું નથી.

પરંતુ ખં૦ પ્રતિમાં લેખકના પ્રમાદ અને લિપિવિષયક અજ્ઞાનપણાને લઈ इ ई, ए प, गु तु, च व, ट्ट ड्ड, ठ व, ड द, ड र, ण ल, त्थ च्छ, न्त त्त, न्ति त्ति, न्नु त्तु, नु तु, प ब, प य, ब व, म स, ल भ, श ष स ઇત્યાદિ અક્ષરોનો પરસ્પર વિપર્યાસ થવાને લીધે ઘણી જ અશુદ્ધિઓ વધી જવા પામી છે. તેમ જ પ્રતિના લેખકે ઘણે ઠેકાણે પડિમાત્રા અને હ્રસ્વ ઇકારની વેલંટિ–િમાં કશો ભેદ રાખ્યો નથી. ઘણે ઠેકાણે એકવડાને બદલે બેવડા અને બેવડાને બદલે એકવડા અક્ષરો લખી નાખ્યા છે. આ જાતના અશુદ્ધ પાઠોને અમે લિપિભ્રાન્તિના નિયમો, શાસ્ત્રનો વિષય, ગ્રંથકારની ભાષા, છંદનું ઔચિત્ય આદિ વસ્તુને લક્ષમાં રાખી સુધારવા પ્રયત્ન કર્યો છે. અને આ રીતે સુધારેલા પાઠોને, વાચકગણને વાંચવામાં ગરબડ કે ભ્રાન્તિ ન થાય એ માટે કોષ્ટકમાં ન આપતાં મૂળમાં જ અમે આપ્યા છે અને અશુદ્ધ પાઠોને યથાયોગ્ય નીચે ટિપ્પણમાં આપ્યા છે. પરંતુ જ્યાં જ્યાં બીજી પ્રતિ સહાયક થતી રહી છે ત્યાં અમે એવા અશુદ્ધ પાઠોને જતા જ કર્યા છે. પ્રસ્તુત સંપાદનમાં ઘણે ઠેકાણે कुन्त, होन्ति, कुण्डल ઇત્યાદિ જેવા પરસવર્ણયુક્ત પાઠો નજરે પડશે એ અમે નથી કર્યા પણ પ્રતિમાં જ એ જાતના પરસવર્ણવાળા પાઠો છે. તેમ જ उच्चिय (सं० उचित)ને બદલે उच्चिय, सक्खं सक्खा (सं० साक्षात्) ને બદલે संखं संखा જેવા વિવિધ પ્રયોગો દેખાશે અને દીર્ઘ તથા અનુસ્વારથી પર બેવડાયેલા અક્ષરવાળા वंच्छा, कंक्खा, अहाक्खाय જેવા પાઠો પણ જોવામાં આવશે. એ બધા પાઠો આખા ગ્રંથમાં ઠેકઠેકાણે ઉપલબ્ધ થતા હોઈ એ બધાને સુધારવા અનુચિત સમજી જેમ ને તેમ કાયમ રાખવામાં આવ્યા છે.

પ્રસ્તુત મુદ્રણમાં જ્યાં જ્યાં પ્રતિમાં પાઠો કે અક્ષરો પડી ગયેલા લાગ્યા છે ત્યાં ત્યાં અર્થાનુસંધાન માટે જે નવી પાઠપૂર્તિ કરવામાં આવી છે એ દરેક પાઠોને [ ] આવા ચોરસ કોષ્ઠકમાં આપ્યા છે.

પ્રસ્તુત પ્રકાશનમાં પત્ર ૧૦૧ ના બીજા પૃષ્ઠમાં પહેલા શ્લોકના ઉત્તરાર્ધમાં ભ્રાન્તિથી 'जनितसम्मदि' પાઠ છપાયો છે તેને સુધારીને 'जनितसम्मुदि' એ પ્રમાણે વાંચવો.

અંતમાં પ્રસ્તુત ગ્રંથના સંશોધનમાં અને તેની વિષમપદાર્થદ્યોતક ટિપ્પણી કરવામાં અતિ સાવધાનતા રાખવા છતાં મતિભ્રમથી થયેલી સ્ખલનાઓ જણાય તેને સુધારીને વાંચવા વિદ્વાનોને અભ્યર્થના છે. ઇતિ શમ્.

['કથારત્નકોશ' પ્રસ્તાવના, સં. ૨૦૦૧]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org